## જન્મદિને વધામણી



પરિમલ પટેલ
માહિતી મદદનીશ, જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૨૩૮૦૮



ચિરાગ પી વ્યાસ
મો. ૯૮૨૫૫ ૫૭૯૬૭



શૈલેષ એ કાપડિયા
મો. ૯૬૩૮૭ ૪૫૯૬૯



જીનલ ચૌહાણ



રમ્ય એમ. જાદવ
મો. ૯૪૨૯૩ ૦૦૯૬૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

## આધાર વિના શાળામાં પ્રવેશ ન આપવો એ કાનૂની ગુનો ગણાશે

ગાંધીનગર, તા. ૬

યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ કહ્યું કે, સ્કૂલ આધારકાર્ડ ન હોય તો તેના કારણે બાળકને સ્કૂલમાં પ્રવેશ આપવાની ના પાડી શકે નહીં અને એવું કરવું એ ગેરકાયદેસર ગણવામાં આવશે.

યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાૈ(હ્રછૈ)એ સ્કૂલોના પ્રોત્સાહિત કરતાં કહ્યું કે, સ્થાનિક બેંકો, પોસ્ટ ઓફિસ, રાજ્ય શિક્ષણ વિભાગ અને જિલ્લા વહીવટીતંત્ર સાથે મળીને પોતાના કેમ્પસમાં બાળકોના આધારકાર્ડ બનાવવા અને એને અપડેટ કરવા માટે વિશેષ શિબિરનું આયોજન કરવું જોઈએ.

ઓથોરિટીએ વધુમાં કહ્યું કે, આ નક્કી કરવું જોઈએ કે આધાર કાર્ડના કારણે કોઈ પણ બાળકને લાભ અને અધિકારથી વંચિત રાખવામાં આવે નહીં.

યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાૈ(હ્રછૈ)એ આ સાથે ચેતવણી આપી છે કે કોઈ પણ બાળકને આધાર વિના પ્રવેશ આપવાની મનાઈ કરવામાં આવશે તો એ કાનૂની રીતે ગેરકાયદેસર ગણાશે અને આવું કરવાની કોઈને મંજૂરી નથી.

ઓથોરિટીએ એ પણ કહ્યું કે, વિદ્યાર્થીઓ અને એ બાળકોના માતા-પિતા કે જેમની પાસે આધારકાર્ડ નથી, એમના માટે આ સ્પષ્ટતા રાહત સાબિત થશે.

# સર્વ નેતૃત્વની ૩૮મી તાલીમ શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત "સર્વ નેતૃત્વ" – ૩૮મી નિવાસી તાલીમ શિબિર યોજાઈ કડી ખાતે યોજાઈ, જેમા સર્વ વિધાલયની જુદી જુદી ૧૪ કોલેજોના કુલ ૬૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર શિબિર દરમિયાન માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્તિત રહી વિવિધ પ્રવૃતિઓ જેમ કે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવીધ પાસાઓને સાંકળી લેતા વિષયોની તાલીમ આપી હતી.

પ્રથમ દિવસે સમગ્ર ટીમનાં પરિચય માટે અનોખી રીતે આઈસ બ્રેકીંગ સેશનનું આયોજન કરાયું હતું અને ત્યાર બાદ વિધાર્થીઓએ મનોરંજનની સાથે જુદા જુદા પાસાઓ શીખવવા માટે ધનક ફિલ્મ નિહાળી હતી.તાલીમના તમામ દિવસની શરૂઆત ડો.કપિલ ત્રિવેદી દ્વારા યોગ,પ્રાણાયામ એન ધ્યાનનું મહત્વ સમજાવી વિવિધ આસનો શીખવાડવામાં આવ્યા હતા. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે અને નિષ્ઠાબેન ઠાકર કે જેઓને જીનેટિક પ્રોગ્રેસીવ ડીસ-ઓર્ડરની બીમારી હોવા છતા સમગ્ર ભારતમાં મસ્ક્યુલર ડીસ્ત્રોફીથી પીડિત માટે કામ કરે છે જેમણેપોતાના જીવન પ્રસંગો વર્ણવી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં દરમિયાન તાલીમાર્થીઓ દ્વારા સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ રજુ કર્યા હતા જેમાં ગુજરાત સરકારનાં રીટાયર્ડ એડીશનલ સેક્રેટરી મુકેશભાઈ શુક્લા ઉપસ્તિત રહી વિધાર્થીઓને જીવનમાં લક્ષ્ય નિર્ધારિત કરી ખંત અને મહેનતથી પોતાની આંતરિક શક્તિ ઓળખી આગળ વધવા આહ્વાન કરવામાં આવ્યું હતું. શિબીરના છેલ્લા દિવસે લતાબેન અને સમીરભાઈનાં સહયોગથી બધા વિદ્યાર્થીઓને ઈમરજન્સી સેવા પૂરી પાડતા ૧૦૮ જી.વિ.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ સંસ્થા, અમદાવાદ ખાતે લઈ જવામાં આવ્યા હતા જ્યાં સંસ્થા દ્વારા કેવા પ્રકારની ઈમરજન્સી સેવા અને સગવડો પૂરી પાડવામાં આવે છે તેની વિધાર્થીઓ સાથે રસપ્રદ રીતે વિવિધ વિભાગોની મુલાકાત કરાવી સમજાવ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને નર્સિંગ કોલેજના રશ્મી રજોરા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ તાલીમાર્થી સુરજ મુંજાણી, ચિરાગ પટેલ અને કૌશિક કલાલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

## આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ રોજગાર ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ ગુજરાત યુનિવર્સિટી ખાતે નોકરી દાતાઓની વિવિધ ચાર જેટલા વ્યવસાયોની આશરે બે હજાર જેટલી એપ્રેન્ટીસ વેકેન્સી માટે તારીખ ૭-૯-૨૦૧૮ના રોજ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા સેનેટ હોલ ખાતે યોજાશે. જેમાં એકાઉન્ટ્સ, ઓડીટ આસિસ્ટન્ટ, કોમ્પ્યુટર ઓપરેટર ડેટા એન્ટ્રી ઓપરેટર અને પટાવાળાની વિવિધ જગ્યા માટે બી.કોમ, એમ.કોમ, અન્ડર ગ્રેજ્યુએટ તથા માઈક્રોસોફ્ટ વર્ડની જાણકારી ધરાવનાર ઉમેદવારો આ મેળામાં ઉપસ્થિત રહી શકશે. આ ઉપરાંત પટાવાળાની જગ્યા માટે ધોરણ-૧૦ પાસ થયેલ ઉમેદવાર પણ ભરતી મેળામાં પોતાની ઉમેદવારી નોંધાવી શકે છે. ભરતી મેળામાં અસલ પ્રમાણપત્રની નકલો, બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે ઉપસ્થિત રહેવા જિલ્લા રોજગાર આધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ છે.

## જન્માષ્ટમી પર્વ નિમિત્તે રંગપૂરણી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને વૈષ્ણવ પરિષદ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જન્માષ્ટમી નિમિત્તે ચિત્ર રંગપૂરણી હરિફાઈ યોજવામાં આવી હતી, જેમાં ૨૮ જેટલા વૈષ્ણવોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા ગૃપ એ અને ગૃપ બી એમ બે વિભાગમાં યોજવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગાંધીનગરના પ્રમુખ હર્ષદ ગાંધી અને ગાંધીવનગર વૈષ્ળ સમાજના ઉપપ્રમુખ રસિકભાઈ ગાંધીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે 'ગૃપ એ'માં અનુક્રમે અમાની મોદી, વિનીશા મોદી, કાવ્યા એચ પટેલ અને 'ગૃપ બી'માં અનુક્રમે નિત્યા સોની, માનવ પરીખ અને બંસી કડિયા વિજેતા બન્યા હતા.

## શિક્ષક દિન નિમિત્તે શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો આપતા રાજ્યપાલ



ગાંધીનગર, તા. ૬

ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીએ આજે રાજભવનમાં 'શિક્ષક દિન' નિમિત્તે ફાળો આપી શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો એકત્ર કરવાની ઝુંબેશનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે રાજ્યના સૌ નાગરિકોને ઉદાર હાથે ફાળો આપવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, જિલ્લા શિક્ષણાધિકારી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ફોસિટી સ્કૂલ દ્વારા શિક્ષકદિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૬

ઈન્ફોસિટી સ્કૂલમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૧ પ્રિન્સિપાલ, ૩૧ શિક્ષકો અને ૩ પટાવાળાની ભૂમિકા વિદ્યાર્થીઓએ ભજવી હતી અને પોતાની જવાબદારી બખૂબી નિભાવી હતી. દિવસના અંત ભાગમાં વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેના પોતાના અનુભવો પણ અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ અભિવ્યક્ત કર્યા હતા. મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સહ, પ્રમુખ વૈષણવ સર, પ્રિન્સિપાલ પ્રવીણાબેન પટેલ અને સુપરવાઈઝર દિપ્તીબેન દેસાઈએ સૌ વિદ્યાર્થીઓને બિરદાવી શિક્ષક દિવસની આ સાર્થક ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## લિટલ મિલેનીયમ પ્રિસ્કૂલ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરાઈ




જન્માષ્ટમી નિમિત્તે લિટલ મિલેનીયમ પ્રિસ્કૂલ દ્વારા ગાયત્રી મંદિર ખાતે ઉજવણી હાથ ધરવામાં આવી હતી. 'ઝાંકિયાં' શિર્ષક અંતર્ગત લિટલ મિલેનીયમનાં બાળકોએ શ્રીકૃષ્ણનાં જીવનની વિવિધ ઘટનાઓની ઝાંખી રજૂ કરી હતી. સ્કૂલનાં ઝોનલ હેડ પ્રભજિત કૌર ભગલાલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જીઆઈપીએસ ખાતે શિક્ષકદિન ઉજવાયો



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'શિક્ષક દિન' ની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જમ્નદિનને શિક્ષકદિન સાથે જોડેલા આ દિવસે શાળાના વિદ્યાર્થી શિક્ષક-શિક્ષિકાઓ બની વિવિધ વિષયોને આવરી , શાળા શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું. વિદ્યાર્થી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ આ અદભૂત અનુભવોને રજૂ કરી, શિક્ષકોના મૂલ્યવાન કાર્યને માનભેર બિરદાવ્યું હતું. શાળા દ્વારા શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને તેમજ શાળાના શિક્ષકગણને યોગ્ય ઉપહાર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## પી કે ચૌધરી કૉલેજની વિદ્યાર્થિનીઓ 'અભયમ્' સંમેલનમાં

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે મહિલાઓના સર્વાંગી વિકાસ અને મહિલા સુરક્ષાના ઉદ્દેશ્યને અનુલક્ષીને 'અભયમ્' મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની ૧૧૧ વિદ્યાર્થિનીઓ, ડૉ. હેમાંગિની વાઘેલા, મનીષાબેન ચૌધરી આ સંમેલનમાં સહભાગી બન્યાં હતાં.

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને વિડીયો ક્લિપિંગ અને પાવરપૉઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા 'અભયમ્ ઍપ' વિશે વિગતે માહિતી આપવામાં આવી હતી.



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે વિદ્યાર્થિનીઓ દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૪૫ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. શિક્ષક, પ્રિન્સિપાલ, ક્લાર્ક, પટાવાળાની ભૂમિકા એક દિવસ માટે વિદ્યાર્થિનીઓ દ્વારા ભજવવામાં આવી હતી. દિવસના અંતે આ વિદ્યાર્થિનીઓએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓ માટે 'ટીચર્સ ડે મૅસેજ કોન્ટેસ્ટ' પણ યોજવામાં આવી હતી, જે અંતર્ગત વિદ્યાર્થિનીઓએ શિક્ષક વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## સામાન્ય ઘટનાને અસામાન્ય ઘટનામાં ફેરવવાની ખૂબી ધરાવતો લઘુકથા સંગ્રહ : ધૂળકી




લઘુકથા એ સાહિત્યનો એક નાનો ઘટક છે અને તે સામાન્ય રીતે ચાર-પાંચ લીટીથી લઈને દોઢ બે પાનાં સુધી અથવા પચાસ-સાઈઠ શબ્દોથી લઈને બસો શબ્દોની હોઈ શકે છે. લઘુકથાનો આકાર તેની જરૂરિયાત મુજબ નક્કી થાય છે.

લઘુકથા મોટેભાગે યથાર્થની કોઈ એક પળ, એક સ્થિતિ, એક સૂક્ષ્મ પાસાને લઈ શબ્દસ્થ કરવામાં આવે છે. તેથી તેનું સ્વરૂપ, રચના એ પ્રકારની બને છે. ઘટના, પરિસ્તિતિ, પાત્રોની સંખ્યા લઘુકથામાં મોટેભાગે વધુ હોતી નથી. તેનો હેતુ માનવજીવનની વાસ્તવિકતાના કોઈ એક પાસાને વ્યક્ત કરવાનો હોય છે.

લઘુકથામાં કંઈક કથા, વાર્તાનું તત્ત્વ હોવું જોઈએ ત્યારે જ એ લઘુકથા કહેવાય. ઘણી વખત લઘુકથામાં વિચારતત્ત્વ કે કવિતા તત્ત્વ બળવત્તર બની જાય છે. તેમાં છતાં કથાનું તત્ત્વ તેમાં રહેવું જોઈએ. લઘુકથા ેક સંપૂર્ણ સાહિત્યિક રચના છે, તેમાં શબ્દો ભલે ઓછા હોય, ચિંતન ઓછું હોતું નથી. લઘુકથા ભલે નાનું સ્વરૂપ હોય પણ તે અનેક લક્ષણો ધરાવે છે. આપણા નીવડેલા લેખક હરિવદન જોષી આ લક્ષણોથી વાકેફ છે. 'ધૂળકી' નામે પ્રગટ થયેલ તેમના લઘુકથાસંગ્રહમાં ૪૫જેટલી લઘુકથાઓ આપી છે. લઘુકથાનો આ તેમનો પહેલો સંગ્રહ હોવા છતાં તેઓની ઘટનાની પસંદગી, પાત્રનિરૂપણ, સંવાદ, આંતરવૈયક્તિક સંબંધોની અભિવ્યક્તિની વાત વાચક હૃદયને ઝંકૃત કરતી ઘટનાઓ શિર્ષકથી પ્રસ્તાવનારૂપે મૂકી આપતાં મધુ કોઠારીએ તેમની લઘુકથાઓમાં પ્રતિબિંબિત થતા સામાજિક, કૌટુંબિક, વ્યક્તિવિશેષ સંદર્ભને લઈને લખ્યું છે કે તેઓની લઘુકથાનો વ્યાપ વિશાળ છે. તેમાં એકધારાપણું જોવા મળતું નથી. અને તે કાકરણે વાચકને ઘટનાના અવનવા રંગ માણવાનો મોકો મળે છે. લેખકની તીર્યક, દૃષ્ટિ સમાજના દરેક ખૂણે ફરી વળે છે અને લઘુકથાનું વિષયવસ્તુ લઈ આવે છે. તેઓ સામાન્ય ઘટનાને પણ પોતાની કલમ વડે અસામાન્ય બનાવી દે છે. અને લઘુકથા ઉત્તમ રચના તરીકે ઊભરી આવે છે.




'ધૂળકી' લઘુકથા સંગ્રહની લઘુકથાઓમાંથી પસાર થતાં લેખકનો કલાકસબ ભાવકને અભિભૂત કર્યા વિના રહેતો નથી. જેમકે દીકરીને પરણાવવા માટે પૈસા નથી તો ખેડૂત દંપતિ બળદ વેચી દે છે. બળદ વેચવાથી પૈસા આવેલ છે તેની ખબર એક રાહ ભટકેલ યુવાનને પડી જતાં તે ચોરી કરવા જાય છે પણ આ પૈસા દીકરીને પરણાવવા માટે છે તે વાત જાણતાં તેનું હૃદયપરિવર્તન થાય છે. સમાજની સ્થિતિ કેવી દુખદાયક છે તેનું ચિત્રણ આ રીતે 'પાછો વળી ગયો' લઘુકથામાં જોવા મળે છે. 'ભાઈબહેન' પણ આવી જ એક હૃદયસ્પર્શી લઘુકથા છે. તો જેના પરથી સંગ્રહનું શિર્ષક આપવામાં આવ્યું છે તે 'ધૂળકી' એક સંવેદનશીલ પ્રેમકથા છે. લેખક પાસે સામાન્ય ઘટનાાને અસામાન્યમાં ફેરવવાની ખૂબી છે. 'ખીંટી' લઘુકથામાં ઘર વેચ્યા પછી સર-સામાન બહાર કાઢતી વખતે મનમાં જૂની સ્મૃતિઓ સળવળી ઊઠે છે. એ ખીંટી પર તે દફતર ભેરવતો હતો. ખમીશ-ચડ્ડી ભેરવતો હતો એ બધું યાદ આવી ગયું. ઘટના નાની છે પણ લેખકે વાર્તાકલાથી વિશેષ બનાવી દીધી છે. આથી એ વાત સ્પષ્ટ થાય છે કે લેખક નાની ઘટનાઓમાંથી પ્રેરણા લઈ લઘુકથા સર્જી શકે છે.

'ધૂળકી' લઘુકથાસંગ્રહમાં ચિંતક, લેખક, કવિ, કલાકાર ડૉ. જગદીશ ત્રિવેદી 'આનંદથી પરમાનંદ' સુધી શિર્ષકથી લેખકની લઘુકથાકલાને બિરદાવે છે. તો 'મારી વાત'માં હરિવદન જોષી લઘુકથાના ભીષ્મપિતામહ જેવા મોહનલાલ પટેલ, લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાન ડૉ. જગદીશ ત્રિવેદી, જાણીતા સારસ્વત ડૉ. મધુભાઈ કોઠારી અને લઘુકથાકાર સર્જક મિત્ર નટવર આહલપરા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

આ સંગ્રહની દરેક લઘુકથામાં કંઈ ને કંઈ વિશેષતા છે. ભાષાશૈલી નોંધપાત્ર છે. સંવાદો સરળ અને રોચક છે. વાચકને રસક્ષતિ ન થાય તે રીતે ઘટનાઓનું નિરૂપણ કરી લેખકે લઘુકથાઓને સુંદર ઘાટ આપ્યો છે. તેમના આ લઘુકથા સંગ્રહને આવકારું છું અને અભિનંદું છું.

'ધૂળકી' લઘુકથાસંગ્રહ, લેખક : હરિવદન જોષી
પ્રકાશક : સંવેદના પ્રકાશન, ભરૂચ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, કિંમત : રૂા. ૮૦/-